.रात वर्नाक्युलर सोसाइटी ग्रंथमाळा.

दारु.

રચનાર

ડાકતર નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ,
એલ. એમ, ઍન્ડ એસ.

આવૃત્તિ પહેલી.—નકલ ૨૦૦૦

દોહરો.

દારૂ ફિરંગી નવ ચહો, દુઃખ તણો દેનાર;
ઈશે ઉપજાવ્યો નથી, કામી જન કરનાર.

અમદાવાદ
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફિસ.

સંવત્ ૧૯૪૮.—સન ૧૮૯૨.

કિંમત અર્ધો આનો.

અમદાવાદ,—“આર્યોદય” પ્રેસમાં છાપ્યું.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ પ્રસિદ્ધ કરેલ

પુસ્તક

અંક. પુસ્તક અને ગ્રંથકાર.	કિંમત.	પોસ્ટેજ.
રા. સા. મહીપતરામ રૂપરામ કૃત		
૧ અકબર ચરિત્ર.	૦॥	૦)−॥
શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસ કૃત		
૨ ઉત્સર્ગમાળા.	૦॥	૦)−॥
૩ ગુજરાતી ભાષાનો ઇતિહાસ.	૦।	૦)−
શાહ મગનલાલ વખતચંદ કૃત		
૪ કથનાવળી.	૦।	૦)−
રા. વિઠ્ઠલદાસ ધનજીભાઇ કૃત		
૫ કેટલી વસ્તુનું વર્ણન.	૦।	૦)−
૬ ગુજરાતના ભીખારીઓ.	૦।	૦)−
૭ ગુજરાતનો ઉત્કર્ષ થવાનાં સાધન.	૦॥	૦)−
૮ સ્ત્રીનીતિ ધર્મ.	૦॥	૦)−॥
રા. ચુનીલાલ બાપુજી મોદી કૃત		
૯ મહાન આલ્ફ્રેડનું ચરિત્ર	૦।−	૦)−
૧૦ ફ્રાન્સ દેશમાં રાજ્યની ઉથલપાથલ.	૦॥।	૦)=
એક વિદ્વાન કૃત		
૧૧ કિમિયાગર ચરિત્ર.	૦।	૦)−
મિ. એદલજી જમશેદજી ખોરી કૃત		
૧૨ દુકાળ વિષે નિબંધ.	૦॥−	૦)−॥
કવિ દલપતરામ ડાહ્યાભાઇ કૃત		
૧૩ અંગ ઉધારનો ઝઘડો.	૦)૦।	૦)૦॥
૧૪ કવિના વિલાસ.	૦॥	૦)=
૧૫ કચ્છ ગરબાવળી.	૦।−	૦)−॥
૧૬ જાદવાસ્થળી.	૦)૦॥	૦)૦॥
૧૭ તાર્કિક બોધ.	૦।	૦)−
૧૮ દૈવજ્ઞ દર્પણ.	૦।	૦)−
૧૯ ધ્વંસ વિરહ.		૦)−
૨૦ બાળ વિવાહ નિબંધ	૦।	
૨૧ ભૂત નિબંધ.		૦।=
૨૨ માતપિતાની સ્તુતિ.		૦)૦।
૨૩ મિથ્યાભિમાન નાટક	૦।−	
૨૪ રાજવિદ્યાભ્યાસ.		
૨૫ વિક્ટોરિયા મહારાણીના છંદ.		૦)૦।
૨૬ લક્ષ્મી નાટક.		૦।=
૨૭ વચન (વિવેકબાવની.)		૦)૦॥
૨૮ વિદ્યાબોધ		
૨૯ શામળ શતસઇ		
૩૦ હુનરખાનની ચઢાઇ		
૩૧ ગંગાકવિના સંવાદ.		
૩૨ સ્ત્રી સભાષણ.		
૩૩ જાતિ નિબંધ		
૩૪ ગરબાવળી ભાગ ૧ લો		
રા. સા. કેશવલાલ મોતી		
૩૫ સ્થાનિક સ્વરાજ્ય	૦॥	
રા. કૃષ્ણરાવ ભોળાનાથ		
૩૬ નારીશિક્ષા ભાગ ૧ લો	૦।=	
૩૭ ગોમડન ભાગ ૨ બંને	૦।−	
પુરાણી નાગેશ્વર જયેશ્વર		
૩૮ સીતા દમયંતીનાં આખ્યાન		
૩૯ બાળલગ્નના સંબંધમાં આપણું કર્તવ્ય (ભાષણ.)		

दारु.

દારૂ કુદરતની બનાવટ નથી.

દોહરો.

દારૂ દિલથી નવ ચહો, દુઃખ તણો દેનાર;
ઇશે ઉપજાવ્યો નથી, કામી જન કરનાર,

મનહર છંદ.

દારૂનું ન સારૂં દિશે વ્યસન નકારૂં ઘણું,
વારંવાર વારૂ વીર રખે કોઇ રાખતા;
લોક પરલોક તણા ભોગનો જો યોગ ચહો,
તન મન ધન કદિ દારૂને ન સોંપતા;
રાજ કાજમાં કદાચ લાજ મેળવી અપાર,
વાજ આવીને ન વીર છાજ કરી નાખતા;
સંપ જંપ કે કુટુંબ દાર અને દેહ સંગ,
હિત ચિત્ત આદરો તો મદ્ય મત ચાખતા.

શાસ્ત્રી ના. જે.

શરૂઆતમાં એમ કહેવાની જરૂર છે કે આ પદાર્થ દારૂ તરીકે તૈયાર, કુદરતની કોઇ પણ વનસ્પત્યાદિકમાં છે નહિ. "નેચર" નામના એક પ્રતિષ્ઠિત અને પંકાયલા ચોપાનિયામાં એમ કહેવામાં આવે છે કે દ્રાક્ષના વેલા પર દ્રાક્ષ સૂકાય છે, અને બગડેછે, પણ તેના રસમાં દારૂ પેદા થતો નથી. એટલુંજ નહિ પણ કોઇ પણ રસાયન શાસ્ત્રી (chemist) દારૂ હજુ લગી કુદરતમાં પેદા થતા પદાર્થોમાંથી તૈયાર મેળવી શક્યો નથી. આ ઉપરથી એક વાત આપણા સમજવામાં સારી રીતે આવે છે; અને તે એ છે કે દારૂ માણસે તૈયાર કરેલો પદાર્થ છે, ઇશ્વરે પેદા કરેલો પદાર્થ નથી. વાસ્તે જે લોકો એમ કહેતા માલમ પડેછે કે દારૂ બીજી વસ્તુની માફક દુનિયામાં તૈયાર છે, ત્યારે શા વાસ્તે બીજી વસ્તુઓની પેઠે તેનો ઉપયોગ ન કરવો, એ લોકો પોતે દારૂ શી રીતે પેદા થાયછે, તે જાણતા નથી. આ માણસથી પેદા થતો પદાર્થ શરીરને હાનિ કરેછે, વાસ્તે તે નજ વાપરવો. કાઉંટ ચેપટલ કહે છે કે કુદરત કોઇ દિવસ દારૂ બનાવતી નથી; પણ કુદરતે બનાવેલી વનસ્પતિમાંથી પેદા થતા ખટ્ટા અને જૂદી જૂદી જાતના પદાર્થો,

જેનું રસાયની બંધારણ હાઇડ્રો કાર્બનનું મુખ્યત્વે કરીને છે, તેઓમાં કેટલાએક રસાયની ફેરફાર થવાથી સ્ટાર્ચની ખાંડ થાય છે, અને તે ખાંડમાં ફેરફાર થવાથી તેનો દારૂ પેદા થાય છે. આવા પદાર્થો પ્રવાહી રૂપે હોયછે, જેવા કે દ્રાક્ષનો રસ, તાડીમાં પેદા થતો દૂધ જેવો ધોળો પદાર્થ નીરો; અથવા તો નક્કર રૂપે, જેવા કે બાજરી, ચોખા, મકાઇ; અથવા તો કંદમૂળ રૂપે બટાટા, સૂરણ, ગાજર, વગેરે ફળ ફૂલાદિકમા આથો આણવાથી તેમાંની ખાંડ પોતાનું રૂપ બદલેછે; અને આ પ્રમાણે તેમાંથી દારૂ પેદા થાયછે. આ વાત સ્પષ્ટ થાય, એ હેતુથી હું નીચે સ્ટાર્ચનું (મેદો), અને પછી ખાંડનું, અને તેમાથી પેદા થતા દારૂનું રસાયની કોષ્ટક દાખલ કરી બિનાકારણ ગુંચવાડા કરવા માગતો નથી. ફક્ત એટલુંજ સમજાશે તો બસ છે કે જે પદાર્થોમાં સ્ટાર્ચ યા ખાંડ બહુ છે, તેમાંથી દારૂ પેદા થઇ શકેછે.

દારૂની તનદુરસ્ત આદમીને જરૂર નથી.

ઇશ્વિરે શરીરના બંધારણમાં જુદા જુદા પ્રકારના અને એક બીજાથી દેખાતા જુદા, અને જુદા જુદા હેતુથી, શરીરના જુદા જુદા ભાગોમાં, તે ભાગને જોઇએ તેવી તરેહનાં હાડકાં, સ્નાયુ, લોહીની નળીઓ, જ્ઞાનતંતુઓ, પિંડો, વગેરેની ગોઠવણ કરી છે. આ બધી ચમત્કારી ગોઠવણ એવી તો અજબ છે કે આજ કાલ કરતાં હજારો વર્ષો થયાં વિદ્વાનો, તે દરેકના ગુણો નક્કી કરવાને તન, મન, અને ધનથી, પ્રયાસ કરી રહ્યા છે; તોપણ તે વાત સંપૂર્ણ રીતે સમજાઇ નથી; અને ક્યારે સમજાશે, એ નક્કી નથી. આવી ચમત્કારી અને સાનંદાશ્ચર્ય ઉપજાવે કરે તેવી ગોઠવણનો એકજ હેતુ છે; અને તે એ છે કે શરીરમાં આવી રહેલા તમામ પિંડો, લોહીની નળીઓ, જ્ઞાનતંતુઓ, અને હાડકાં, વગેરે પોતે પોતાનું કામ નિર નિરાળું પોતપોતાના લાભને અર્થે અને શરીરમાં વસતા તમામના લાભમાં કરે જાય; એવી રીતે કે એકના કામથી બીજાને અડચણ આવે નહિ. આવી આશ્ચર્યકારક અને બધી રીતે સંપૂર્ણ ગોઠવણ જ્યાં લગી ચાલે છે, એટલે કે જ્યાં લગી માણસનું શરીર તનદુરસ્ત છે, ત્યાં લગી કોઇ પણ જાતનો બહારનો પદાર્થ, તેની પોતાની પાચન શક્તિ અથવા તો શરીરનો અથવા તો મનનો જુસ્સો વધારે, એ હેતુથી વાપરવાની જરૂર નથી. આ વાત સર્વમાન્ય છે; તોપણ ઘણા લોકોમાં અને ઘણી સુધરેલી પ્રજાઓમાં અને તેમની નકલ કરનારાઓમાં મિત્રમેળાપ વખતે, અથવા તો લગ્નપ્રસંગે,

અથવા તો કોઇ પણ સારે ટાણે ટચકે, થોડો ઘણો દારૂ પીવાનો રિવાજ છે. આ રિવાજ હાનિકારક છે. કારણ કે કોઇ પણ જાતનો દારૂ ખોરાકનું કામ કરી શકતો નથી. એટલુંજ નહિ પણ તે શરીરનો ગરમાવો કાયમ રાખવાને બદલે ઉલટો તે ઘટાડવામાં સાધનભૂત થાય છે. વારૂ જ્યારે એમ છે, ત્યારે દારૂ પીધાનો ઉપયોગ ક્યાં રહ્યો? નથી તે ખોરાક તરીકે કામનો; કારણ કે જે લોકો દારૂનો વાપર કરેછે, તે લોકોના મોં વાટે દારૂ બહાર નીકળી જાય છે. આ વાત આપણે બધા જાણીએ છીએ; કારણ કે દારૂ પીનારનું મોં દારૂની વાસ મારેછે. વળી દારૂ દારૂ, તરીકેજ પરસેવા અને પેશાબ વાટે પણ શરીરની બહાર નીકળેછે; અને જો બહુ પીધામાં આવ્યો હોય, તો મગજના અને પિત્તપિંડના કેટલાક ભાગોમાં તે ભરાઇ રહેછે. આવી રીતે ભરાઇ રહેલો દારૂ મોત પછી થતી શરીરની તપાસ ઉપરથી માલમ પડી આવેછે. ઉપર બતાવવામાં આવ્યું છે કે ચામડી, પીશાબ, અને શ્વાસ દ્વારાએ એ બહાર આવે છે. આવી રીતે બહાર નીકળતો પદાર્થ તપાસતાં રસાયનશાસ્ત્રીઓની ખાત્રી થઇ છે કે પીધેલો દારૂ દારૂ રૂપે બહાર નીકળી આવે છે; અને તેજ પ્રમાણે તે પિત્તપિંડ (Liver) અને મગજના કેટલાક ભાગોમાં પણ દારૂ, રૂપેજ માલમ પડેછે. જ્યારે આવી રીતે દારૂ પીધા પછી દારૂ, દારૂ રૂપેજ શરીરમાંથી પાછો આવેછે, ત્યારે દારૂ પીધાનો કાંઇ પણ ફાયદો ક્યાં છે, એ સમજાતું નથી. શરીરના જૂદા જૂદા ભાગોમાં તે ફરીને પાછો આવ્યો, ત્યારે પીનારે ફોકટ પોતાના શરીરના જૂદા જૂદા ભાગને તેને બહાર કાઢવાની મહેનત આપી, એજ આ પીધાનો સાર થયો. આપણે દૂધ યા પાણી અથવા જે ખોરાક ખાઇએ છીએ તે, કોઇ પણ દિવસ તે ને તેજ રૂપે શરીર બાહાર આવતો નથી; પણ તે પદાર્થોનું શરીરમાં પૃથક્કરણ થઇ શરીરના જે જે ભાગને તેની અંદર આવી રહેલા પદાર્થોનો ખપ છે, તે એ ભાગો ચૂંટી લેછે. પણ દારૂમાં આવેલા પદાર્થોનો ખપ નથી, પણ તે હાનિકારક છે; વાસ્તે શરીર તેને તજી દેછે. આ ઉપરથી સાબીત થાય છે કે દારૂ શરીરના કોઇ પણ ભાગને કાંઇ કામનો નથી. એટલુંજ નહિ પણ તે તેમને અવ્યવસ્થિત કરે છે; જેથી તે તેમનું કામ એકમેકના ફાયદા વાસ્તે અને એકંદરે આખા શરીરના ફાયદા વાસ્તે કરી શકતા નથી. તેથી તે લેવો એ સાપને ઝેરે પાઇ ઊછેરવા જેવું છે.

દારૂ અને પૈસો.

દોહરો.

ખાલી ધન ખોવા તણો, ખુલ્લો રસ્તો ખાસ;
અલ્લા એક બદામના, જે દારૂનો દાસ.

આજ કાલ ગામડી અને દેશનો ઘણી ઘણી જાતનો વ્યાપાર, જેવો કે રેશમનો, કીનખાબનો, હાથ બનાવટના સુતરાઉ કાપડનો, નાણાવટીઓનો, વગેરે, તુટી ગયો છે; અને દિન પરદિન તેને વધારે હાનિ પહોંચતી જાય છે. આ થવાથી ઘણા કારીગરો, વેપારીઓ, પૈસે ટકે ખરાબ થયા છે; અને કેટલાએક તો છેક પાયમાલ થઇ ગયા છે. આને બદલે સંચાકામને લીધે થોડો ઘણો રૂનો વેપાર, અને તેથી પેદા થતા જાડા કાપડનો વેપાર ચાલે છે. આ કાપડના વેપારથી કેટલાએકની સારી સ્થિતિ થઇ છે; અને જે લોકો કારીગર તરીકે સંચાકામમાં ભાગ લેછે, તેમની કમાઇ અગાડી કોઇ દિવસ નહિ હતી તેવી સુધરીછે. પણ તે લોકો ઘણા ખરા વાઘરી, કોળી, અને હલકા વર્ગના મુસલમાનો હોવાથી તેમનામાં ઘણાં નઠારાં વ્યસન છે. તેમાંના ફક્ત એક જોડે આપણે હાલમાં કામ છે. તે વ્યસન તેમનામાં દારૂ પીવાનો રિવાજ છે, તે છે. આપણે આવા કારીગરનું એક ચાર આદમીનું કુટુંબ લઇએ, એક મરદ, એક બાઇ અને બે કમાતા છોકરા. આ ચારની એકંદરે મહીનાની આવક રૂપૈયા ૩૦) લ્યો. આ આવક સાધારણ કારગીરને સારી કહેવાય. આટલી આવક જો સાધારણ કોઇ વાણિયા ગૃહસ્થને હોય, તો તે સારી રીતે આબરૂભેર દહાડા કાઢે; સાધારણ રીતે ટાણાં ટચકાં કરે; છોકરાઓને ભણાવે; અને મરે ત્યારે સહેજ બે હજાર રૂપૈયા પોતાના છોકરાંને વારસામાં પણ આપતો જાય. પણ આ સંચામાં અને બીજે ઠેકાણે કામ કરનાર કારીગરો, દારૂના વ્યસનમાં પડેલા કારકુનો, વકીલો, વગેરે પોતાની સ્થિતિ પ્રમાણે સારી કમાઇ છતાં પૈસે ટકે હેરાન માલમ પડેછે. ધંધો રોજગાર અથવા નોકરી થઇ ચૂકી અથવા બંધ પડી કે "અલ્લા એક બદામ થાય છે." જો પગારદાર હોય, તો મહીનાના પહેલા ત્રણ ચાર દિવસ દારૂમાં ચકચૂર રહે, અને બાકીના દિવસ કોઇ મારવાડી અથવા તો વાણિયાની ગાળો ખાવામાં, ભૂખે મરવામાં, આબરૂ કાંઇ હોય તો તે ગુમાવવામાં ગાળેછે; ને પોતાની કેફી અવસ્થામાં લેણદારે તૈયાર કરી રાખેલા ખત પર વગર પૈસા લીધે સહી કરી આપી પોતાને અને પોતાની બૈરી

અને નિરપરાધી ગરીબ છોકરાંને પોતાની બેવકૂફાઇ, કમ સમજ, અને વ્યસનની ગુલામગીરીને લીધે દુઃખમાં ઊતારનારાની સંખ્યા દિન પરદિન વધતી જાયછે. આવો દુઃખદાયક દાખલો એક મારા જોવામાં હમણાંજ આવ્યો છે, તે હું ટાંકું છું;—

એક જુવાન પચીશેક વરસની ઉમ્મરનો સાધારણ રીતે સારો, રૂપાળો ઘાંચી છે. તેની દુકાનનો વેપાર તેની મા અને તેની બૈરી ચલાવેછે. આ બન્ને બાઇઓ પોતાની દુકાન ચલાવવામાં કુશળ છે. આ ઘાંચીનો બાપ થોડોક પૈસો મૂકી મરી ગયો છે. આને દારૂ પીવાને પૈસા ન આપે, તો મા અને બૈરીને તે મારે, અને હેરાન કરે. ઘરની ફજેતી થતી અટકાવવા કોઇ વાર કાંઇ આપે, તો તેનો તે દારૂ પી આવે. આ પ્રમાણે એક વાર તેણે દારૂ પીધો, તેનો લાભ લઇ એક વાણિયાએ તેની પાસે ખત લખાવી લીધું. આ ખતના બસેં રૂપૈયા તેમને આપવા પડ્યા.

ઉપલા દૃષ્ટાંતના સબંધમાં ડા. કાર્પેંટર કહે છે કે દારૂની મગજ ઉપર અસર થવા માડે છે કે અવિચાર અને તુરંગો વધેછે, અને તેમના ઉપર મનનો કબજો ઘટે છે. ઘણા માણસો મનની આવી સ્થિતિ વખતે જીવના ઉદાર અને ઓલ્લા દોલ્લા થઇ જાય છે; તે એટલે સુધી કે જે માગણીઓ અથવા કોલકરારો પોતાનું મગજ સારી સ્થિતિમાં હોય, તો કોઇ દિવસ કબુલ કરે નહિ, તેવી આવી વખતે ખુશીથી કબૂલ કરે છે; અને તેવા ઉપર સહીઓ પણ કરી આપે છે. આવા વખતનો લાભ લેવા કેટલાક લોકો ચૂકતા નથી. વળી જે લોકો તુરંગી અને લાલાઇમાં પ્રવૃત્ત છે, તેઓમાં દારૂ પીધાથી તેવી નીચી વાંચ્છાઓ અગર વાસનાઓ બહુ જોસ પામે છે, અને તેથી તેઓ તેવે વખતે કેટલાક ગુનાહો કરે છે.

આવા દારૂડિયાઓથી ઘણાં કુટુંબો ખરાબ થાય છે, અને વરસનાં વરસ ભૂખ, તરસ, અને સંકટો વેઠેછે. જો આ વ્યસન તેમને ન વળગ્યું હોત, તો તેઓ સુખી થાત; અથવા તો તેમાંથી તે છૂટે, તો તેમના છોકરાં, બૈરી સુખે રોટલો ખાવા પામે, અને ઘરમાં સુખ સંપનો વાસ થાય, અને ટંટા, ફીસાદ, અને કલેશ ત્યાં વાસો કરવા પામે નહિ. આવા દારૂના વ્યસની ફક્ત પૈસાને, પોતાનાં સગાંને, અને પોતાની જાતને નુકશાન કરેછે એમ નથી, પણ એમની આવી દુષ્ટ વ્યસનની ગુલામગીરીના બીજા લોકો ભોગ થઇ પડેછે.

વાંચનાર વર્ગને ખબર છે કે રેલ્વેમાં ઘણાખરા એંજીન ડ્રાઇવરો યુરોપિયન છે, અને તેમાંનો ઘણો ભાગ દારૂડિયો છે. રેલ્વે પર ગાડીઓ એક બીજા સાથે અથડાય છે, વગેરે જાતના અકસ્માતો બનેછે; અને આમાં થતી તપાસો ઉપરથી આપણને ખબર છે કે ઘણી વાર એમ નીકળી આવે છે કે ડ્રાઇવર પીધેલ હતો. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે ડ્રાઇવરો તરીકેની નોકરી રેલ્વેવાળા દારૂના વ્યસનીને ના આપે, તો ખાત્રી છે કે કેટલાક થતા અકસ્માત અટકે. વળી આ બાબતના સંબંધમાં એક સૂચના કરવા હું માગુછું; અને તે એ છે કે જે લોકોના હાથમાં ઘણા કારીગરો વગેરેનો રોજગાર રહેલો છે, તે લોકો ધારે તો આ વ્યસન ઝટ અટકાવી શકે.

૧. દારૂ નહિ પીનાર કારીગરને નોકરીમાં રાખવાને વધારે પસંદગી આપવી.

૨. તેને પગારમાં કાંઈ જૂજ વધારો આપવો.

૩. તે વધારે આબરૂદાર છે, એમ કાંઇ નિશાનથી બતાવવું.

દારૂથી પૈસેટકે ખરાબ થયલાના દાખલામાં એક મારા જાણવામાં બીજો દાખલો છે, તે નીચે પ્રમાણે;–

અમદાવાદના રહીશને ખબર છે કે ખાડિયામાં ઘાસીરામની પોળ પાસે ગોલવાડ છે. એ ગોલવાડમાં આશરે ચાળીશ પચાશ ગોલાઓનાં ઘર અગાડી હતાં. તે ગોલાઓ ડાંગર ખાંડી અગર સહેજસાજ બીજો ધંધો કરી પોતાના દિવસ સુખે પોતાના ઘરમાં નિર્ગમન કરતા. આ ગોલાઓનાં ઘર હાલમાં અગાડી હતાં, તેનાં અડધાં પણ નથી એટલુંજ નહિ, પણ એ ગોલાઓ હજુ પોતીકા ઘરમાં રહે છે, તે ઘર ઘણું કરીને ગીરો મુકેલાં છે, અને દર વર્ષે એ લોકોની વસ્તી શહેરના એ ભાગમાંથી ઘટતી જાય છે; અને એમ ધારવામાં આવે છે કે પાંચકૂવા પાસે નવું આવેલું દારૂનું પીઠું જો જારી રાખવામાં આવશે, તો જે ગોલાઓનાં ઘર માલકીનાં રહ્યાંછે, તે પણ રેહેશે નહિ; અને એ ગોલવાડ નાબુદ થશે. આમ થવાનાં કારણ શું?

૧ દારૂ પીવાનો રિવાજ એ લોકોમાં જૂનો છે.

૨ દારૂ પીવાના રિવાજનું જોર એ લોકોમાં ઘણું છે; અને તેનો આધાર તે લોકોની જૂઠી સમજ ઉપર છે. એ લોકો એમ ધારે છે કે મજૂરી કર્યા પછી થાક ઊતારવા દારૂ પીવો જોઇએ. આ ધારણા જૂઠી છે.

દારૂ ખોરાક નથી, એ વિષયમાં એમ હવે પછી સારી રીતે બતાવવામાં આવશે.

૩. દારૂનું પીઠું એ પીનાર લોકોના પડોશમાં રાખવામાં આવ્યું છે; તેથી એ લોકો કોઈ કોઈ દિવસ પીતા, તે હવે રોજના પીનાર થઇ પડ્યા છે; અને અગાડી જે મહેનતથી પેદા કરેલો પૈસો એમના કબીલાના પોષણમાં જતો, તે હવે દારૂના પીઠામાં જાય છે; અને વળી તેમના શરીરને નુકસાન કરેછે એટલું જ નહિ, પણ તેમનાં છોકરાંને દારૂ પીવાના ચડસનો, અને દારૂથી પેદા થતા રોગો અને નીચ મનોવૃત્તિઓનો વારસો આપતા જાય છે.

"દારૂ પીનારને ચેતવણી" એવા મથાળા નીચે મે ૧૮૮૯ ના આબકારીમાં નીચે પ્રમાણે લખાણ છે. તે લખાણ એક આદમીનો પોતાનો અનુભવ છે, વાસ્તે ઘણો અસરકારક છે.

તે દારૂડિયો એક બેંક નોટની પછાડી લખે છે કે "આ છેલ્લી નોટ મારા હાથમાંથી ગઇ કે મારૂં સત્યાનાશ વળી ચૂક્યું. મારા ભલાં અને માયાળુ માબાપે ઘણી સખત મહેનતે પેદા કરેલા વારસાની આ છેલ્લી મૂડી છે; અને તે વારસો જેમ મને વગર મહેનતે અને એકદમ મળ્યો, તેમજ તે મારી પાસેથી ગયો છે. થોડા વરસ દારૂ પીવાના કુછંદમાં પડવાથી અને ખરાબ ચાલે વર્તવાથી મેં મારો વારસો ગુમાવ્યો છે, અને ઘર વગરનો, મિત્ર વગરનો, અને ભીખારી થઇ પડ્યો છું. જે કોઇના હાથમાં આ મારી છેલ્લી નોટ આવે, તેને મારી ભલામણ છે કે તેણે દારૂ પીવાના કુછંદમાં પડવું નહિ. આ શીખામણ હું મારા દુઃખદાયક જાતઅનુભવ પરથી આપું છું."

દારૂ એ ખોરાક નથી.

દોહરો.

પોષણ જાણી પિંડનું, લે પ્યાલો નાપાક;
ભોળા જન ભરમાય છે, દારૂ નહિ ખોરાક. ૧
પાણીથી પાણી વધે, છાંટે પાણી જાય;
કૌવત આવે જો કદી, કોઇ અન્ન નવ ખાય. ૨

૩. દારૂ એ ખોરાક નથી, પણ ઝેર છે; કારણ કે દારૂ શરીરમાં આવી રહેલા જૂદી જૂદી જાતના સ્નાયુઓ હાડકાં, પિંડો, લોહીની નળીઓ,

વગેરે કોઇના પણ બંધારણના કામમાં આવતો નથી. તેમને પોતપોતાનું કામ કરવામાં તે અનિયમિત કરે છે; અને તેથી શરીરરૂપી સકંચાને બરોબર ચાલતો અટકાવે છે; અને એ રીતે તે શરીરના નિરનિરાળા ભાગોને પ્રત્યેકને, તેમજ એકંદરે આખા શરીરને નુકસાન કરે છે. વાસ્તે એ ઝેર છે, એમ કહેવું એ બરોબર છે. એકલું આ કહેવુંએ બસ નથી; કારણ કે આ પરથી તો ફક્ત એમજ કહેવામાં આવ્યું કે એ શરીરના સંચાને મદદ કરતો નથી; કારણ કે જે જે પદાર્થો શરીરને મદદ કરનાર છે, તેમનું શરીરમાં પૃથક્કરણ થાય છે, અને તેમાંથી શરીરના જે જે ભાગને જે જે વસ્તુ પોતાના ઉપયોગને વાસ્તે જોઇએ તે મળે છે. દારૂ પીશાબ વાટે, ત્વચા વાટે, શ્વાસ વાટે, દારૂ રૂપેજ બાહાર આવે છે એટલુંજ નહિ, પણ વિના કારણ પૈસા ખરચીને દારૂ પી દારૂડિયાઓ પોતાનાં શરીરનાં ફેફસાં, ચામડી, અને મૂત્રપિંડને નકામી મહેનત આપી કમકૌવત કરેછે. આનું ફળ એજ થાય છે કે આવા લોકો જો પોતાની નઠારી ટેવમાં મચ્યા રહે, તો તેઓ ફેફસાં અને મૂત્રપિંડના દરદોનો ભોગ થઇ પડેછે. એટલેથી બસ રહેતું નથી. દારૂની નઠારી અસર નાની નાની લોહીની નળીઓ પર એવા પ્રકારની થાય છે કે તેથી તે નળીઓ મોટી થાય છે. આ બાબત એવી છે કે તે વિષે બધા આદમી પોતાની ખાત્રી દારૂડિયાનાં મોં જોવાથી કરી શકે. દારૂની દુકાનો આ દશકામાં વધવા પછી રેલ્વેપરામાં આવેલા દારૂના પીઠામાંથી નીકળતા સંચાના મજૂરો અથવા તો રેલ્વેના કિરસ્તાનોનાં રાતાં મોંઢાં, ઘેરાયલી આંખો, અને તેમના લથડતા પગ, અને જાણે પોતાના શરીરનો ભાર ઊચકવાને નાલાયક થયા હોય, તેથી આમ તેમ વાંકા વળી જતા પગપર ઝોલા ખાતાઓનાં ટોળાં દીઠામાં આવે છે. જ્યારે લોહીની નળીઓ આમ મોટી થાય છે, તેથી તેમનાં મોઢાં રાતાં, અને આંખો ઘેરાયલી દેખાય છે, ત્યારે તેમાંથી પરસેવા રૂપે પાણી જાય છે, અને તેથી શરીરનો ગરમાવો વધવાને બદલે ઉલટો ઘટવાનો ઘણો સંભવ છે. વાસ્તે કોઇપણ આદમીએ દારૂ પૌષ્ટિક ખોરાક તરીકે અથવા શરીરમાં ગરમાવો પેદા કરશે તે હેતુથી લેવો, એ સાધારણ અક્કલ અને "ઇંદ્રિયવિજ્ઞાન" શાસ્ત્રથી વિરૂદ્ધ છે. એટલુંજ નહિ પણ શરીરનો રાજા જે મગજ, તેને તે સૌથી પહેલોજ કમકૌવત કરી નાખે છે; તે એટલે લગી કે દારૂ થોડો ચઢ્યો ન ચઢ્યો કે તે લવારી ઉપર ચઢે છે. સારી સમજમાં હોય ત્યારે ન બોલે, તેવું તે બોલેછે;

અને ધીમે ધીમે તે શરીરના તમામ ભાગ ઉપર પોતાની હકુમત ચલાવતું બંધ થાય છે; તે એટલે લગી કે આમ શરીર ધીમે ધીમે મંદ થતું જઇ મરે છે. દા. રિચર્ડસન કહે છે કે દારૂથી શરીર કૌવતવાન થતું નથી, પણ શરીરના કૌવતને તેથી નુકસાન થાય છે, એટલે થાક લાગે છે. એટલુંજ નહિ પણ તે મુડદાલ થઇ જાય છે. દા. હાર્મેન્ઝ કહેછે કે દારૂ એ ખોરાક નથી; કારણ કે,—

૧—ખોરાક પૌષ્ટિક છે, અને શરીરમાં ગરમાવો પેદા કરે છે, તે દારૂ કરતો નથી.

૨—ખોરાક પાચન થાયછે, દારૂ પચતો નથી; કારણ કે શરીરમાં એનું પૃથક્કરણ થતું નથી.

૩—શરીરના જૂદા જૂદા ભાગો જોડે એકરસ થઇ ખોરાક મળી જાય છે, તેમ દારૂથી થતું નથી.

૪—ખોરાકનું લોહી થાય છે, દારૂનું લોહી થતું નથી. શરીરના પ્રવાહી પદાર્થોમાં મળી તેમને હેરાન કરેછે, અને લોહીને કમજોર બનાવે છે.

૫—ખોરાક લોહીને સુધારે છે, દારૂ બગાડે છે.

૬—ખોરાકથી પિંડો, વગેરે પોતાનું કામ બરોબર કરે જાય છે, દારૂ દરદ પેદા કરનાર છે.

૭—ખોરાક શરીરનું જીવન અને બળ છે, દારૂ શરીરના બળ અને જુસ્સાનો નાશ કરનાર છે.

ઉત્તર ધ્રુવ તરફ શોધમાં જતા એક વહાણુમાં સો માણસ હતાં. ટાઢ ઘણી હતી અને લાકડાં કે કોયલા હતા નહિ. તેથી તે વાહાણના દાક્તરે સલાહ આપી કે આપણી પાસે લૂગડાં અને પરાળ જોઇએ એટલું છે, વાસ્તે પૂરતો ખોરાક ખાઇ લૂગડાં સારી રીતે પહેરી પરાળમાં ભરાઇ બેસવું, એ ઉત્તમ રસ્તો છે; કારણ કે એથી ટાઢ અટકશે; અને ઠંડમાં રહેવાથી થતા ઉપદ્રવોથી આપણે બચીશું. પણ આપણામાંથી જે કોઇ દારૂ આ રાત્રે પીશે, તે ઠંડીથી થતા ઉપદ્રવોનો પહેલ વહેલો ભોગ થઇ પડશે; અને તેમજ થયું. આમાંથી જે લોકોએ બહુ દારૂ પીધો, તેઓ બીજા દિવસની સવાર જોવા પામ્યા નહિ; જે લોકોએ તદ્દન ન પીધો, તે લોકો સવારે સાજાતાજા ઊઠ્યા; અને જે લોકોએ થોડો ઘણો પીધો હતો, તે લોકો આખી રાત ટાઢ વધારે છે, વગેરે બૂમ પાડ્યા કરીને સવારે થોડા ઘણા ટાઢથી હેરાન થયા.

(Sect. 368. Alcohol.) મોંટ્રીલના દાક્તરોએ દારૂ પીધાથી બહુ નુકશાન થતું જોઇને નીચે પ્રમાણે જાહેરનામું પ્રસિદ્ધ કીધું હતું;—

૧—દારૂ પીવાથી કંગાલ અવસ્થા, દરદો, અને ગુન્હાઓથી માણુસ હેરાન થાયછે. તેમાંનો ઘણો ભાગ દારૂને મોજશોખ તરીકે પીધાથી થાયછે.

૨—જો દારૂથી તદ્દન દૂર રહેવામાં આવે, તો શારીરિક અને માનસિક બળ સારાં રહેછે એટલુંજ નહિ, પણ તેમ કરવાથી તે સારાં રહેવાનો સંભવ વધારે છે.

૩—દારૂથી તદ્દન દૂર રહેવાથી તનદુરસ્તી, નીતિ, અને સુખ લોકોમાં ઘણે દરજ્જે વધશે.

આ જાહેરનામા નીચે સારા સારા પ્રસિદ્ધ કોલેજોમાં શિક્ષકનું કામ કરનાર દાક્તરોની સહીઓ છે.

દારૂથી થાક ઊતરતો નથી, અથવા વધારે મહેનત થતી નથી.

સાધારણ રીતે કેટલીક મજૂરિયાત નાતોનો એવો અભિપ્રાય છે કે દિવસની સખત મજૂરી પછી દારૂ તો હમારે પીવોજ જોઇએ; નહિ તો અમારાથી મજૂરી થાય નહિ. અમારો ધંધો એવો છે કે તેમાં માથાફોડ મજૂરી કરવાની છે, અને દારૂ પીએ નહિ તો અમને થાક ઊતરે નહિ. અમે તો એના ઘેનમાં અને ઘેનમાં મજૂરી કર્યા જઇએ છીએ. અગાડી "બુદ્ધિપ્રકાશમાં" મેં દારૂના સંબંધમાં આ વિષયપર લખતાં દાક્તર પાર્કસ અને બીજા લશ્કરી દાક્તરના વિચાર દર્શાવતાં એમ બતાવ્યુંછે કે એક વખત લશ્કરની અમુક ટૂકડીને દારૂ આપવામાં આવ્યો હતો, અને બીજીને આપવામાં આવ્યો ન હતો. જે ટૂકડીને દારૂ આપવામાં આવ્યો હતો, તેણે મુસાફરીના પહેલા ભાગમાં તો દારૂની ધૂનમાં જરા સારી કૂચ કરી, પણ પછાડીના ભાગમાં અને એકંદરે, જે ટૂકડીને દારૂ આપવામાં નહોતો આવ્યો, તેના જેવી સારી કૂચ કરી શકી નહિ. આનું તાત્પર્ય એજ છે કે શરીરમાં દારૂ પીવાથી કાંઇ જુસ્સો વધતો નથી, કારણ કે દારૂ ખોરાક નથી; અને જો એ ખોરાક નથી, તો તે શરીરમાં આવી રહેલા પદાર્થોના બંધારણમાં પેશી શકતો નથી; અને પેશી શકતો નથી, તો તેનાથી શરીરબળ વધારી શકાય નહિ.

આવી રીતે જોકે ઘણા લોકો પ્રયોગોથી સાબીત કરી ગયાછે, તોપણ આ વાત આ મજુરીયાત લોકોને કહેવામાં આવે, તો તે લોકો માનતા નથી; કારણ કે દારૂ મજુરિયાત લોકોએ પીવો જોઇએ, એવું બોલવું એ લોકો તેમનાં માબાપ પાસથી સાંભળતા આવ્યાછે; અને તેમને આ પીવાનો ચસકો બાલ્યાવસ્થામાંથી પડયો છે. દારૂ પીવાનો જરૂર મજુરિયાત વર્ગને નથી, અને વગર મજુરીયાત વર્ગને પણ નથી.

જે દિવસથી શરીરમાં જીવનો પ્રવેશ થયો, તેજ દિવસથી તેની જોડે શરીરમાં નાના પ્રકારની વિવિધ ક્રિયાઓ પણ શરૂ થાયછે; અને આ બધી ક્રિયાઓ કરવામાં શરીરના જૂદા જૂદા ભાગોને થોડો ઘણો ઘસારો વેઠવો પડે છે. આ ઘસારો વેઠાય અને નુકશાન ન લાગે, વાસ્તે આપણે ખોરાક ખાઇએ છીએ; અને અગાડી બતાવવામાં આવ્યું, તે પ્રમાણે ખોરાક પાચન થઇ તેમાંથી શરીરના બંધારણને વાસ્તે જોઇતી વસ્તુ પૂરી પડેછે; પણ આ પ્રમાણે શરીરનો વેપાર ચાલ્યા કરે, તેને વાસ્તે જરૂરછે કે શરીરના પિંડો, સ્નાયુઓ, વગેરેએ પોતાનું કામ વ્યવસ્થિત રીતે કરે જવું જોઇએ; પણ દારૂ પીધાથી શરીરના પિંડો વગેરેમાં પોતાને જોઇતી વસ્તુઓ લોહી વગેરેમાંથી લેવાની શક્તિ રહેતી નથી, કારણ કે દારૂ તેમને અવ્યવસ્થિત કરેછે; અને આ પ્રમાણે જ્યારે તેઓ પોતાની તંગાશ પૂરી પાડવામાંજ અવ્યવસ્થિત છે, ત્યારે તેમનામાં બળ કેવી રીતે પેદા થઇ શકવાનું હતું? આ બાદ આ બાબત વિષે વિચાર કરતાં એક વાત સમજવાની જરૂર છે. જે જે વસ્તુ આપણા શરીરમાં કોઇ પણ દ્વારાએ પ્રવેશ કરેછે, તેનાથી કાંઇ પણ નુકશાન યા નફો થવોજ જોઇએ. એમ ન માનવું જોઇએ કે તેથી સારૂં થતું નથી, વાસ્તે નુકશાન પણ થતું નથી.

જે પદાર્થ આપણે લઇએ તે જો ખોરાક ન હોય, તો શરીરને કોઇ પણ રીતે હાનિકારક છેજ. આપણે અગાડી કહી ગયા છીએ કે શરીરના જૂદા જાદા ભાગોને પોતાને જોઇતી વસ્તુઓ લોહી દ્વારાએ મળેછે, અને લોહીમાં આવી રહેલા અગત્યના પદાર્થોને દારૂ બહુ નુકસાનકારક છે. લોહી શરીરના તમામ ભાગમાં ફરીને જોઇતી પુષ્ટિ પૂરી પાડેછે; વાસ્તે લોહીની હાનિ એ આખા શરીરની હાનિ છે. આ મજુરિયાત લોકો ઘણું કરીને દારૂ ભૂખે પેટ પીએછે. આ પીવાની રીત બહુજ હાનિકારકછે. આમ ભૂખે પેટ વધારે દારૂ પીવાથી મોતના પંઝામાં આવેલા સારા કુટુંબના જુવાનિયાના દાખલા વાંચનારના સાંભળવામાં હશેજ. દારૂ ખોરાકની સાથે પીધાથી પણ નુકશાન કરે છે.

દા. વિલિયમ્સ કહેછે કે ખોરાકની જોડે દારૂ પીધાથી પિત્ત માથે ચઅપચો થાયછે, ચકરી અને શરીરમાં સુસ્તાઇ આવેછે.

દા. પાર્કસ કહેછે કે તનદુરસ્ત આદમીને દારૂનો ખપજ નથી એટલુંજ નહિ, પણ તે પીવાથી બહુજ નુકશાનછે.

દારૂ પીવાથી જ્ઞાનતંતુઓની યા તો મનની શક્તિ વધતી નથી. એથી તો ફક્ત એટલુંજ થાયછે કે શરીરમાં જે બળ હોય, તેજ પ્રદીપ્ત થાય છે. જેમ બળદને પરોણી ઘોંચવાથી અથવા ઘોડાને ચાબુક મારવાથી કાંઇ બળદ અથવા ઘોડાના શરીરમાં આપણે નવું બળ નાખી શકતા નથી, પણ જે હોય તેજ કામમાં લાવી શકીએછીએ, તેમ છે. એટલુંજ નહિ પણ દારૂથી સ્નાયુબળ ઘટેછે. આનો પ્રત્યક્ષ પુરાવો આપણા બધાના જોવામાં છે. દારૂ ચઢેછે, ત્યાર પછી માણસ ચાલતાં આમથી આમ લથડેછે અને તેના પગ તેના શરીરના વજનને ઊપાડવાને શક્તિમાન રહેતા નથી, તો પછી આદમી બીજો બોજો તો શું ઊપાડવાનો હતો?

ટૂંકામાં સારાંશ એજ છે કે દારૂથી શારીરિક અને માનસિક બન્ને બળ ઘટેછે. વાસ્તે દારૂ થાક ઊતારવા અથવા શરીરનું અથવા મનનું બળ વધારવા પીવો એ ખોટું છે, અને શારીરશાસ્ત્રના નિયમથી વિરૂદ્ધ છે.

દારૂ અને જીંદગાની.

દારૂ પીનારા આપણા લોકોમાં પણ ઘણા છે, અને તે આ ચાલતી વીશીનાજ છે એમ નથી. મારા ધારવા પ્રમાણે તો આ વીશી કરતાં બે ત્રણ વીશી પહેલાંના માતાના ભક્તને નામે અને બીજે નામે છાનાછપના પીયા કરતા હતા. હાલના પીનારા છેક ઊઘાડા પડ્યાછે. પણ છાનું પીઓ કે ઝાહેર પીઓ, ખોટું તે ખોટુંજ છે; અને કુદરતી નિયમથી ઉલટું ચાલનાર ઢેડ હો કે બ્રાહ્મણ હો, ભણેલો હો કે અભણ હો, તેની કુદરત દરકાર રાખતી નથી. સહેજસાજ ઉલ્લંઘન સાંખેછે, એથી વધારે સાંખતી નથી.

આ સાંખવાનો અર્થ એટલોજ છે કે જે ઇશ્વરકૃપાથી સારા મજબુત માબાપને ઘેર અવતરે છે, અને જેમની શારીરિક ખોરાક પોશાકની સંભાળ લેવાય છે, તેમને કુદરત પોતાનો તાપ બતાવતાં જરા વાર લગાડેછે; પણ બતાવે તો છેજ, એ વાત નિશ્ચય છે. આ વાતની સાબીતીમાં નીચે આપેલું દૃષ્ટાંત બસ થશે.

દા. નેઇલસને ભેગા કરેલા "સ્ટેટિસ્ટિક્સ" પરથી માલમ પડેછે કે એકવીશ અને ત્રીશ વર્ષની ઉમ્મરની અંદરના દારૂ પીનારાઓ, નહિ પીનારા કરતાં પાંચ ગણા વધારે મરે છે; અને ત્રીશથી ચાળીશમાં ચાર ગણા. બીર પીનારાની જીંદગાનીની લંબાણ, પીવા માડ્યા પછી ૨૧-૨૭ વરસની

સ્પિરિટ પીનારની ૧૬-૧૭ વરસની છે; અને બન્ને પીનારની ૧૬-૧૭ વરસની છે."

આ ઉપરથી સાફ સમજાય છે કે દારૂ પીનારની જીંદગી ટૂંકી છે; અને આ વાત જીંદગીનો વીમો ઊતારનાર મંડળીઓ સારી પેઠે જાણે છે, તેથી તેઓ દારૂડિયાને દાખલ કરતા નથી, અને કરે છે તો તેમની પાસેથી વધારે પૈસા લઇ દાખલ કરે છે.

ડા. કાર્પેંટર કહેછે કે આખા ઇંગ્લાંડની ૪૦ વરસની ઉમ્મરની વસ્તીની દર વરસની મોતની સંખ્યાનું પ્રમાણ દર હજારે ૧૩ છે. પણ જે લોકોએ પોતાના જીંદગીનો વીમો લાઇફ ઓફિસીસમાં ઊતરાવ્યો છે, તેમાં મોતની સંખ્યાનું પ્રમાણ દર હજારે ૧૧ છે; ને ફ્રેંડ્લી સોસાઇટીમાં દર હજારે ૧૦ નું પ્રમાણ છે.

આ દૃષ્ટાંત તો ફક્ત એક વાત સાબીત કરે છે; અને તે એ છે કે લાઇફ ઓફિસ અને ફ્રેંડ્લી સોસાઇટીમાં દાખલ થનાર દારૂનો ઉપયોગ થોડો કરનાર હોવાથી તેમાં મોતની સંખ્યા કમી છે; પણ આ ફ્રેંડ્લી સોસાઇટી અને લાઇફ ઓફિસીસ જેમાં પીનારાઓને દાખલ કરવામાં આવે છે, તે લોકોમાં થતાં મોતની સંખ્યાનું પ્રમાણ, જ્યારે રેકેબાઇટ્સ (દારૂ તદ્દન નહિ પીનારાજ દાખલ કરવામાં આવે છે.) જોડે સરખાવવામાં આવેછે, ત્યારે માલમ પડે છે કે લાઇફ ઓફિસવાળામાં દશ હજારે ૧૧ મોત થાય છે, ફ્રેંડ્લીમાં ૧૦, અને રેકેબાઇટ્સમાં ૭½. આ પરથી દારૂ પીનારની પણ ખાત્રી થાય એમ છે કે જે લોકો આ વ્યસનથી મુક્ત છે, તેમને જીવવાનો સંભવ ઘણો છે; જે લોકો થોડો પીએ છે, તેમને ઓછો છે; અને જે લોકો વધારે પીએ છે, તેમને તો જીવવાનો સંભવ આથી પણ ઘણો ઓછો છે.

બધી ઉમ્મરનાઓના આવરદાની સરાસરી કાઢતાં વિલાયતમાં એમ માલમ પડયું છે કે માણસની સાધારણ આવરદા ત્યાં ૪૨ વરસની છે. તેવીજ સરાસરી ફ્રેંડ્લી સોસાઇટી વાળાઓની કાઢતાં તેમનો આવરદા ૫૫ વરસનો છે. આ પ્રમાણે જો આ દારૂનો ત્યાગ કરવાથી અથવા થોડો પીવાથી દશ વરસનો આવરદા વધે છે (ફ્રેંડલી સોસાઇટીમાં થોડું પીનારને દાખલ કરવામાં આવે છે.), તો વધારે પી જે લોકો પોતાનો આવરદા ટૂંકો કરી પોતાની પ્યારી સ્ત્રી અને નાનાં કોમળ નિરપરાધી બાળકોને પો-

તાના મોતથી દુઃખી કરે છે, તેમને આપણે મૂર્ખ, અવિચારી, અને કુટુંબદ્રોહી કહીએ, તો કાંઇ ખોટું નથી.

ઇંગ્લાંડમાં ઇ. સ. ૧૭૨૯ માં દારૂના વેચાણને કેટલીક સુગમતા આવી, એટલે તળ લંડનમા ૨૯૭૨૨ મરવા લાગ્યા. આમ મોત વધારે થતાં અટકાવવાને દારૂપર કર નંખાયો, એટલે દારૂની ખપત ઓછી થઇ; અને ૧૭૫૦માં ૨૬૭૬૧ અથવા ૨૯૬૧ ઓછાં મોત થયાં; અને ૧૭૫૨ માં ૨૫૩૫૮, અથવા ૧૭૨૯ ની સાલ કરતાં ૬૪૫૪ મોત ઓછાં થયાં. આ કાયદો પાછો બંધ કરવામા આવ્યો; અને મોતની સંખ્યા પાછી વધી; ૨૯૭૫૮ થઇ: પણ ૧૭૫૭ અને ૧૭૫૮ ના વર્ષમાં દુકાળ પડ્યો, તેથી દારૂ અનાજમાંથી કરવાનો બંધ પાડવો પડ્યો. તેથી દુકાળ છતાં પણ ૩૭૯૩ મોત થયાં. હાલમાં આપણા શહેરમાં, કસ્બાની ગામોમાં, અને ગામડાંઓમાં દારૂની દુકાનો ઘણી વધી છે, અને તેથી આપણા લોકોમાં તેનાથી થતા માઠી અસર વધતી જાય છે, એ આપણે બધા નજરે જોઇએ છીએ. પણ આંકડાથી આ વાત સાબીત કરવાને હાલમાં સાધન નથી; વાસ્તે તેવા આંકડાઓ આપી શકાયા નથી.

ડા. કેહાન એમ કહે છે કે મારા વીશ વર્ષના અનુભવથી હું એમ કહી શકું છું કે આજથી દશ, વીશ વર્ષની ઉમ્મરના આદમીઓ દરરોજ એકેકો પ્યાલો દારૂનો પીએ, તો તેમાંના આઠ તો આજથી દશ પંદર વર્ષમાં મોતના પંઝામાં નક્કી આવી પડવાનાજ. આ વાત ખરી છે. દારૂ સહેજસાજ પીનાર, પણ વ્યસની નહિ. એવા એમ કહે છે કે, ઘણાં બૈરાં અને બાઇડા થોડો થોડો દારૂ પીએ છે, અને તેઓ મોટી ઉમ્મરે પહોંચે છે, એ વાત ખરી છે. તેમને એકજ સવાલ પૂછવો જોઇએ; અને તે એ કે તેમાંના કેટલા અકાળ મૃત્યુને પામ્યા છે? આ પરથી એક વાત એ સિદ્ધ થાય છે કે દારૂથી આવરદા વધતો નથી પણ ઘટે છે. વાસ્તે દારૂનો ત્યાગ કરવો એમાં પીનાર અને ન પીનારનું અને તેના સગાં વહાલાંનું અને વળી સમગ્રે આખા દેશનું કલ્યાણ છે.

દારૂડિયાનો ખરાબ દાખલો.

દારૂ દરેક ન્યાત અને દરેક વયના અને દરેક ધંધાના તથા સ્થિતિના લોકોમાં દાખલ થયો છે; એટલે લગી કે, એમ કોઇ હાલમાં હિંમત ધરી

કહી શકે એમ રહ્યું નથી કે આપણા લોકોમાં ધર્મની બંધી છે, વાસ્તે હવે આપણે કાંઇ નવી તરેહની બાંધણી આ ખરાબ રીત દાખલ થતી અટકાવવાને કહવાની જરૂર નથી. થોડા મહીના પર જ્યારે રેવરંડ મિ. ઇવન્સ અમદાવાદ ફરીથી આવ્યા હતા, ત્યારે આપણા શહેરના એક વિદ્વાન અને પ્રતિષ્ઠિત ગૃહસ્થે તે જાહેરાંત મીટિંગમાં એમ કહ્યું હતું કે "મેં મારા એક જુવાન મિત્રને, તે અમદાવાદ છોડી ગયા, ત્યારે કહ્યું હતું કે જો તમે અમારી પ્રીતિ અને ચાહેના કાયમ રાખવા ઇચ્છતા હો, તો તમે દારૂ અને એવા બીજા દુરાચારથી દૂર રહેજો. આ મિત્રને છોડયાને મને હાલ કેટલીક મુદત થઇ છે; અને તેમનો મારા પર એક પત્ર છે, તેમાં તે સાફ જણાવે છે કે 'જો તમે મારી પાસે ઉપર બતાવેલી માગણી ન સ્વીકારાવી હોત, તો નક્કી હું આ ચેપમાં પડયે હોત.'." પણ આ વિદ્વાન ગૃહસ્થ જેવા તો મોટા શહેરમાં ગણત્રીજ આદમી હોય છે. તેથી તેમણે પોતાના જુવાન મિત્રને આપેલી શીખામણ ઘણા થોડાને મળેછે. પણ એથી ઉલટી શીખામણો ઘણા મિત્રો એક બીજાને આપે છે. એક મિત્ર બીજા મિત્રને કહે છે, " ભાઇ તારી પાસે હાલમાં પૈસા છે. લક્ષ્મી તો ચંચળ છે. ભોગવ્યું તે ખરૂં. મોજ મારી તે ખરી." આમ બે મિત્રો ત્રીજાને મૂંડે છે. એમ મૂંડનારા આજકાલ ઘણા છે, અને દિનપરદિન આવી ટોળી વધતી જાય છે. આવી રીતે આવા મિત્રો મળી પોતાની જોડે બીજાને ખાડામાં ઊતારનાર દરેક લગ્નપ્રસંગે, નાને મોટે અવસરે, સપરમે દિવસે, ગમ્મત સમજી પૈસા બગાડે છે; અને પોતાનું નામ વગોવે છે એટલુંજ નહિં, પણ પોતાના કુટુંબીઓને નીચું જોવડાવે છે; અને પોતાનાં બાળકોને ખરાબ દાખલો આપે છે મોટાં થયે બાળકો નકલ કરવા ચૂકતા નથી. મારા જાણવામાં એવાં કુટુંબો છે કે જેમાં બાપે "લે બચ્ચા" કહી પહેલો દારૂનો પ્યાલો પોતાના છોકરાને પાએલો; અને હવે બાપ અને છોકરો બન્ને સાથે બેસી પીએછે, અને છોકરો પુખ્ત ઉમ્મરે પહોંચ્યો છે, અને બાપ અને છોકરા વચ્ચે જેવી મર્યાદા રેહેવી જોઇએ, તે રહેતી જેવામાં આવતી નથી. આ શુ થોડું શોકજનક છે ? અરે મર્યાદાની હદ છે,. તે ઉલ્લંઘન થઇ ગયે સમજવું કે તે કુટુંબ પર ઇશ્વરની નાખુશી છે, તે કુટુંબનું આવી રહ્યું છે. આવાં કુટુંબોમાં બાપ, દીકરો, સાસુ, વહુ, અને દીકરી વગેરેમાં મર્યાદાપૂર્વક વર્તણુક હોવી જોઈએ, તે માલમ પડતી નથી; અને એમ કહો તો વધારે નથી કે આ કુટુંબ પશુવત સ્થિતિને પ્રાપ્ત થયું છે.

એમ ધારો કે કદાચ બાપના મનમાં દારૂથી થતી હાનિ સમજવામાં આવી, તો પણ તે પોતાનાં છોકરાંને તે કુરસ્તે ચઢતાં અટકાવી શકવાનો નથી; કારણ કે એનો ખરાબ દાખલો એનાં છોકરાંને ખરાબ કરનાર છે, અને ગમે એટલા ડહાપણના, ધમકીના, અને શીખામણના બોલ તે પોતાનાં છોકરાંને આજીજી કરીને બોલે, તેનો કશો પણ વક્કર પડનાર નથી. આવી રીતે બાપનું જોઇ છોકરાં દારૂ પીનાર થયલાં તથા મોટા ભાઇઓનું જોઇ નાના ભાઇઓ થયલા અથવા જરા સારા વક્કરવાળા મિત્રનું જોઇ બીજા મિત્રો થયલા એવા દાખલા ઘણા છે. ખરાબ રિવાજ ઝટ શીખાય છે. ગાળ દેતાં, લઢતાં ઝટ આવડે છે, પણ સારો રિવાજ, સારી વાત, અને ડહાપણ તો ધીમે ધીમે મહા મહેનતે આવે છે.

દારૂડિયાં માબાપ અને તેની પ્રજા.

"બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા," આ કહેવત ખરેખર ખરી છે; અને આ વાત આપણામાંના અજાણના પણ સમજવામાં આવે છે. જ્યારે રબારીઓને અથવા તો કણબીઓને પોતાની ભેંસને પાડો બતાવવો હોય છે, ત્યારે પાડો સારો મજબુત છે કે નહિ, એ વિષે પૂરતી તપાસ કરતા આપણે જોઇએ છીએ. એજ પ્રમાણે ઘોડા વગેરે જનાવરો ઊછેરનાર કરે છે. વળી આ સાથ આપણા લોકોના સમજવામાં એમ પણ છે કે કેટલાક રોગ પેઢી દરપેઢી ઊતરે છે. આ બધાનો સાર એજ કે જો માબાપ રોગી હોય, અથવા તો તેમનામાં શારીરિક અથવા તો માનસિક રોગ હોય, તો તે તેમનાં છોકરાંમાં ઊતરવાનોજ. આજ પ્રમાણે અનાજ વાવવામાં પણ સમજવામાં છે.

દા. ડાઉને એક પાંચ વર્ષની છોકરીને " પેથોલોજીકલ સોસાઇટીને " બતાવી હતી, જેની અક્કલ નવ મહીનાના છોકરા જેટલી હતી, જેનું વજન ૨૨ પાઉંડ, અને જેની ઊંચાઇ ૨ ફીટ અને ૩ ઇંચ હતી. એનામાં કાંઇ શારીરિક ખોડ ખાંપણ નહોતી. પણ આ છોકરી બાલ્યાવસ્થામાં અક્કલ અથવા શરીરબળ હોય, તે ઉપરાંત અક્કલ કે બળમાં કોઇ દિવસ વધી નથી.

બીજા આવાજ પ્રકારના દાખલા તેના જોવામાં આવેલા હતા. તેઓ બધાનાં શરીરનું બંધારણ, અક્કલ, શરીરબળ સરખું હતું; અને જો કે તેઓ ૨૨ વર્ષની ઉમ્મરે પહોંચ્યા, તોપણ તે એકાક્ષરી શબ્દો સિવાય બીજા બોલ્યા નથી. નાના બાળકોની માફક તેઓ ખુરશી ઝાલીને ઊભા થાય, "અ"

રમકડાં જોવામાં ગમ્મત માને. આવા માનસિક અને શારીરિક દુર્બળ સ્થિતિનાં બાળકો વિષે વિચાર અને તપાસ કરતાં ઘણે દરજ્જે એવો મત છે કે આવાં ઘણાં છોકરાંઓની ઉત્પત્તિ વખતે કાંતો બન્ને અથવા તો ધણી અથવા તો ધણિયાણી ખરેખરા દારૂ પીધેલાથી હોવી જોઇએ. એક કુટુંબનું પહેલા ખોળાનું છોકરૂં તદન તનદુરસ્ત હતું; પણ આ પછી મરદ ઘણો દારૂડિયો થઇ ગયો; અને એમ માનવાને કારણ છે કે તેના બીજા અને ત્રીજા છોકરાની ઉત્પત્તિ વખતે ધણીએ દારૂ પીધેલો હોવો જોઇએ, કારણ કે ઉપર બતાવેલાં છોકરાંઓની માફક તે બન્નેની શારીરિક અને માનસિક સ્થિતિ બહુજ હલકા પ્રકારની હતી. આ પછી ધણીએ દારૂ પીવો મેલી દીધો, અને સારે ધંધે વળગ્યો; અને ત્યાર પછીની થયેલી પ્રજા તનદુરસ્ત છે.

દા. લીશ પિત્તપિંડ વિષે કહેતાં કેહે છે કે દારૂ પીધાથી તે પિંડની તમે જેટલે દરજ્જે દુર્દશા કરશો, તેટલે દરજ્જે તે પેઢી દર પેઢી ઊતરશે.

દા. લાશને એક મોટો જબરો આદમી પૂછવા લાગ્યો, "જુઓ દાક્તર, હું કેવો મજબુત અને જોરાવર છું; અને જુઓ મારી બૈરી પણ શરીરે સારી છે." દાક્તરે તેને પૂછ્યું કે "તમને તેર છોકરાં થયાં, પણ તેમાંનું એકે હૈયાત નથી તેનું શું કારણ?" તપાસ કરતાં માલમ પડયું કે તે જાતે જન્મથીજ ઘણો મજબુત હતો, વાસ્તે તેનું શરીર દારૂ રૂપી દુષ્ટ દુશ્મનના સપાટા આટલા દિવસ વેઠી શક્યું, જેનો ભક્ષ તેનાં નાનાં બાળકો થઇ પડયાં; કારણ કે તેમનામાં તેટલે દરજ્જે દારૂથી થતી માઠી અસર સહન કરીને બચવાની શક્તિ નહિ હતી. તપાસ કરતાં આ આદમી' દારૂડિયો માલમ પડયો.

આવો એક દાખલો મારા જાણવામાં છે. એક સારી ઊંચી, કદાવર બાઇ છે, તેને તેર છોકરાં થયાં; અને હાલ તેમાંનું એકજ હૈયાત છે. આ બાઇનો ધણી જબરો અફીણી હતો. અફીણ ખાધાથી અથવા પીધાથી શરીરને નુકશાન થાયછે, એ આપણે જાણીએ છીએ. વાસ્તે પ્રજાને તેથી નુકશાન થાય, એમ માનવું સ્વાભાવિક છે; કારણ કે જેવું આપણું ખાનપાન, તેવા પ્રકારનું આપણું લોહી; એટલે સારૂં ખાનપાન તો સારૂં લોહી થવાનું; અને લોહીપર શરીરનાં હાડકાં, સ્નાયુ, પિંડો, વગેરેનો આધાર છે. વાસ્તે જેવું આપણા શરીરનું બંધારણ, તેનાપર આપણાથી પેદા થતી પ્રજાના બંધારણનો આધાર છે. વાસ્તે એ સમજવું કઠણ નથી કે જે લોકો પોતાના શરીરનો નાશ દારૂથી કરે છે, તેની પ્રજા માનસિક અને શારીરિક બળમાં ઊતરતી હોવી જોઇએ.

આમ પેદા થયલી પ્રજા દારૂની લતમાં ઝટ પડે છે; અને તે દારૂ પીવાની લાલચથી દૂર રહી શકતી નથી. વળી તેવા લોકોમાં ગાંડા, દાઘારિંગા, ફેફ્રાવાળા, અને એવા નાના નાના પ્રકારના હોજરી, ફેફસાં, મૂત્રપિંડ, વગેરેના રોગથી હેરાન થતા પુષ્કળ માલમ પડે છે.

દા. આયર્સે ગાંડાં છોકરાંઓ વિષે તપાસ કરી, અને તે પરથી માલમ પડ્યું કે એમાંનાં નવાણું તો ખરા દારૂડિયાનાં છોકરાં છે. બાકીનાંનાં માબાપ થોડું પીનાર હશેજ, એમાં બહુ સંશય નથીજ; કારણ કે થોડું ઘણું તો ઢાંકી શકાય છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે દારૂડિયાઓનીજ પ્રજા આવી છે. થોડું પીનારાને પણ થોડે દરજ્જે નુકશાન થાય છે, અને તેજ પ્રમાણમાં તેની પ્રજાને ભોગવવું પડે છે. આ પ્રમાણે દારૂની માઠી અસર હાલનીજ પ્રજાને નુકશાન કરે છે એમ નથી; પણ તેથી હવે પછી થતી પ્રજાને પણ નુકશાન થાયછે; અને આવા રોગીઓના પાલણપોષણનું ખરચ પીનાર અને ન પીનાર બધાને ખમવું પડેછે.

દારૂ અને પશુવત્ સ્થિતિ.

આ મથાળું વાંચનારને નવાઇ જેવું લાગનાર નથી; કારણ કે દારૂ પીવાથી માણસને પોતાના શરીરનું ભાન કમી થાય છે, અથવા દૂર થાય છે, એ વાત આપણને બધાને ખબર છે. દારૂ આપણને આખા શરીરનું ભાન ભુલાવે છે, તેથીજ જ્યાં લગી માણસપર તેની અસર હોયછે, ત્યાં લગી જે ગુન્હાઓ તે પોતાની સાવધ સ્થિતિમાં કરે નહિ, તેવા કેટલાક ગુન્હા કરે છે. એક સારા આદમી વિષે સાંભળવામાં છે કે તે જ્યારે મદ્યની અસરમાં હતો, ત્યારે તેને લૂગડાંલત્તાનું ભાન નહિ હતું. આવી નગ્ન સ્થિતિમાં એક પોળમાંથી એક બાઇ પછાડી દોડયો;* અને તેને સમજાવી અને જોરથી ઘેર લઇ જતાં મહા મોટી મહેનત પડી હતી.

વળી એવોજ એક આદમી પોતે દશ વાગે કચેરીમાં ગયો, તે વખતે પોતાની પાંચ, છ વર્ષની છોડીને મરણ તોલ હાલતમાં, હમણાં યાતો ઘડીમાં મરશે એવી સ્થિતિમાં, જોઇ ગયો હતો. આ છોકરી સાંજે પાંચેક વાગે મરી ગઈ. તેના બાપને તેની ખબર મોકલવામાં આવી. કચેરીમાંથી પાછા ફરતાં રસ્તે આવતાં એક દારૂના પીઠામાં તે ઊતર્યો અને ચકચૂર બન્યો અને ઘેર પહોંચ્યો, ત્યારે ઘર અગાડી રડાકૂટ ચાલે છે. નિરપ્ર

છોકરીનું શબ ઘરમાં પડયું છે, ન્યાતના લોકો આવીને બેઠા છે, તે વખતે આ જનાવરને ગાડીમાંથી કેટલીક રીતે સમજાવીને ઊતાર્યો; અને ઊતર્યાપછી પહેલો શવાલ એ પૂછેછે, "મને ભૂખ લાગી છે, ખાવાનું આપ." આવી સ્થિતિમાં ગદ્ગદિત અને શોકથી ઊભરાઈ જતા કંઠે સાથે બેઠેલાં બૈરામાં-થી ઊઠી પોતાના બેવકૂફ ધણીની બેવકૂફ માગણી પૂરી પાડવા તેની બૈરીને આવવું પડયું. કારણ કે તે બીહીતી હતી કે રખે તેનો ધણી આવે વખતે પણ પોતાની બેવકૂફાઇ વધારે તો નહિ બતાવે. જે વખતે પોતાની પ્યારી છોકરીનું ઘરમાં શબ પડયું છે, આડોશી પાડોશીના મનમાં પણ દુઃખ પેદા થયેલું છે, તે ઘડીએ આ ક્રૂર અને પશુવત દશાએ પહોંચેલો બાપ નિર્લજ્જપણે પોતાનું પેટ ભરે છે, અને પોતાની દુઃખિત બૈરીને એથી પણ વધારે ખેદ પેદા કરનાર દશાએ પોતાના નીચ તુરંગ સંતોખવાના હેતુથી લઈ જાય છે. આ વાત ખરી બનેલી છે. લખનારના મનનો ઉટાંગ નથી. આ પરથી સાફ સમજવામાં આવે છે કે જે માણસ પોતાની સારી અવસ્થામાં સારૂં નરસું સમજી શકે, પોતાનું પારકું સમજી શકે, તેને આ દારૂ રૂપી દુષ્ટ શત્રુ, પોતાના પુત્ર, પુત્રી પરના પવિત્ર પ્યારનું પણ ભૂલા-મણ ખવડાવે છે; અને એટલુંજ નહિ પણ પોતાને તથા પોતાની પ્યારી સ્ત્રી જેને શુદ્ધ અવસ્થામાં તે કોઇ દિવસ કડવો અક્ષર કહેતાં પહેલાં વિચાર કરે, તેને આ વ્યસનમાં પડયા પછી કેટલે દરજ્જે પોતાના સ્નેહી તથા મિત્રોની નજર આગળ અધમ અવસ્થામાં દોરે છે, તેનો આ દાખલો ખરો ચિતાર છે.

ઉપરના જેવુંજ ખેદકારક અને નીતિનો માર્ગ ચૂકેલા અને નિર્લજ્જતા-ને સ્વાધીન થયેલા એક દારૂડિયાનું દૃષ્ટાંત ઘણું અસરકારક થઇ પડશે, એમ ધારી આપુંછું. એ આદમી સારી જ્ઞાતિનો અને સારા આબરૂદાર કુટુંબનું ફરજંદ છે. તે હાલ સારી પુખ્ત ઉમ્મરે પહોંચેલો છે, અને જાતે વસ્તારી છે. આ આદમી દરરોજ સાંજે દારૂ પીએ છે, તેથી એનો બુદ્ધિ રૂપી સૂર્ય દરરોજ સાંજે અસ્ત પામે છે. કામકાજથી પરવારી ઘેર આવેછે, ત્યારે ગાડીમાંથી ઊતારવાએ કઠણ અને એક મોટું કામ થઇ પડે છે. આ આદમીની પોતાની ચૌદ પંદર વર્ષની છોકરીનું મોત થયું, તેના દિવસ પાણીમાં પણ ન્યાતના લોકોના દેખતાં મર્યાદાથી વર્તવું, એ એમનાથી બની શકતું નહોતું. એટલુંજ નહિ પણ જ્યારે વ્યસનાધીન હોય, ત્યારે તે-મને સગું કે વહાલું એ પણ ભાન ભાગ્યેજ રહે છે; અને એમના ગજવા-માં ચોરાતાં બાકી રહ્યું હોય, તે કોઇ ચોરી ન જાય, વાસ્તે બૈરીને તેમનાં

ગણવાં તપાસવાં પડે છે. આવા લોકો તેમની પોતાની જાતનેજ નુકશાન રૂપ છે એટલુંજ નહિ, પણ જ્યારે આવા આદમીને આવી સ્થિતિમાં તેમના છોકરા છોડી જાએ, ત્યારે તેમનો તે લોકો અગાડી વક્કર શો રહે? તેમને ખાનપાન કેટલું મળે, અને ઘરમાં ઊછરતાં નાનાં બાળકોને તેમનો દાખલો કેટલો વિનાશ રૂપ થઇ પડે? એ વાત વિચાર કરવા જેવી છે. આવા પીનારા વધવાથી તેમનું જોઇ તેમના ચાકરો, તેમનાથી નીચી સ્થિતિના આદમીઓમાં પણ બગાડ પેસવાનો સંભવ છે, એ હવે પછી બતાવવામાં આવશે. આવા આદમીઓના ઘરમાં વિવેક, વિચાર, અને નીતિનો વાસ ઝાઝો વખત રહી શકતો નથી, અને રહેજ નહિ! આવા કુટુંબોમાં આખરે દારિદ્રતા પોતાનો વાસ બેધડક કરે છે, અને તેની જોડે શારીરિક દુઃખ વગેરેનો પણ વાસ થાય છે.

દારૂ અને ગુન્હા.

આપણા શહેરોમાં દારૂ પીવાનો રીવાજ હાલમાં ઘણો વધતો ચાલ્યો છે; અને તે દરેક કોમના લોકોમાં વધ્યો છે. આ રિવાજને લીધે કેટલાક આદમીઓ જે પોતાની સાવધ સ્થિતિમાં પોતાના ઉપરીઓની જોડે જેવી રીતે રીતસર બોલે છે, તેથી ઉલટી રીતે બોલેલા, તેવાના દાખલા મારા જાણવામાં છે. અને આમ એક સારા મોટા દરજ્જાનો અંગ્રેજ અમલદાર એક કલબમાં પોતાના બરોબરિયા જોડે જમતાં દારૂની લહેરમાંજ જરા વધારે બોલું બોલ્યો હતો, તેથી તેનાપર "કોર્ટ માર્શલ" થવાનો વખત આવ્યો હતો. થોડા દિવસપર એક અંગ્રેજે દારૂ પી ગાંડા બનીને પોતાના ચાકરપર ગોળી બા'ર કર્યા હતા. અને વાઘરીઓ અને કોળીઓ દારૂ પી લઢી મરી પાયમલ થઇ આવે છે, એ વાત આપણે બધા જાણીએ છીએ. આ બાદ કેટલાં નાનાં બાળકો પીધેલ માની સોડમાં તેની બેભાનીને લીધે ગુંગળાઇ મરે છે, એવી વાતો આપણે જે દેશોમાં દારૂનો પ્રચાર વધારે છે, ત્યાં છપાતાં વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ. એટલુંજ નહિ પણ કેટલી નિરપરાધી સ્ત્રીઓ, અને કુમળી વયનાં બાળકો તેમના બાપના દારૂ પીવાને લીધે થયેલાં ગાંડછાના તોફાનને પોતાના શરીરના જૂદા જૂદા ભાગોનું બલિદાન આપે છે, એ વાત સારી પેઠે જાણવામાં છે. તેમ કુલટાઓ પોતાનાં ઘરમાં આવા લોકોને ઘાલીને દારૂ પાઇને તેમનાં ઘરેણાં ગાંઠાં

ઊતારી લેછે, એવા દાખલાઓ આપણા શહેરમાંથી પણ ઘણા મળી આવશે. તેમ દારૂ પાઇને એક ઘાંચી પાસથી કોઇ એક વાણિયાએ રૂપિયા ૨૦૦, ૩૦૦ નું ખત લખાવી લીધું હતું અને તેને તે રૂપિયા દીવાની કોર્ટના હુકમનામાને લીધે આપવા પડયા હતા. આવા હજારો ગુન્હાઓ દારૂથી પેદા થતા બેભાનને લીધે થાયછે, એ વાતનો પુરાવો આપણા માજીસ્ટ્રેટના દફતરો પણ બતાવશે; અને આ દફતરો બીજી વાત એ પણ જતાવશે કે જે લોકોને દારૂ પીવાની છૂટ છે, તેમાં આવા ગુન્હા બીજી જાતના લોકો કરતાં વધારે બનેછે એટલુંજ નહિ, પણ આ વ્યસનથી પેદો થતી ખુમારીમાં લોકોના પૈસા, આબરૂ, અને શરીર ત્રણેની ખુવારી થઇ છે.

કેટલાક ન્યાયાધીશો એમ કહે છે કે જે ગુન્હાઓ બને છે, તેમાંના સેંકડે નેવુંનું કારણ દારૂ છે. એક ઇંગ્રેજ ન્યાયાધીશ કહેછે કે મારા જોવામાં જે ગુન્હાઓ આવ્યા છે, તેમાંથી દર સેંકડે પચાશ ગુન્હાનું કારણ દારૂ છે. આ સાફ બતાવે છે કે દારૂથી થતા ગુન્હાની સંખ્યા બહુ મોટી છે. વળી આ બાબત વિષે બોલતાં દા. રિચર્ડસન કહે છે કે દારૂડિયાને ઓળખવાની એક મોટી નિશાની એ છે કે એ બધા જૂઠા હોય છે; અને જૂઠાણું તેઓ પોતાના છોકરાંને વારસામાં આપતા જાય છે.

દારૂ, સૂવાવડ, અને ગર્ભવતી સ્થિતિ.

આપણા દેશમાં પણ બૈરાંઓ દારૂ સૂવાવડના વખતમાં વાપરે છે; પણ ઘણું કરીને તેઓ પણ ફક્ત શરીરે ચોળવાના કામમાં લેછે, અને તે એવા હેતુથી કે શરીરનું કળતર તેમ કરવાથી કમી થશે. આ કળતર કમી કરવાને અને કમ્મરની ફાટ વગેરે નરમ પાડવાને અને મટાડવાને ઘણી ઘણી જાતનાં સારાં ઓસડ આપણા લોકોના જાણવામાં છે; જેવાં કે રૂશીનું તેલ, સરગવાનું તેલ. તેમ ઈંગ્રેજી દવામાં પણ જોઇએ તેવાં તેલ છે. તેને બદલે આ ગંધાતો પદાર્થ બધે વપરાય છે. આમ ચોળવાથી પણ કેટલોક શરીરમાં ઊતરી લોહી જોડે મળે, પણ એથી દેખાઇ આવે એવું નુકશાન થવાનો સંભવ નથી.

મારા જાણવા પ્રમાણે આપણાં બૈરાંઓમાં દારૂનો પ્રવેશ હજૂ બહુ નથી પણ થોડો છે; અને ત્યાં તેમ થવાનું કારણ તેમના ઘણી છે. નીચ

કોમમાં પણ બૈરાં દારૂ ઘણું કરીને પીતાં નથી. પણ નીચ બૈરાંઓ જેવાં કે વેશ્યાઓ વગેરે બહુ પીએ છે.

પણ મારો આ વખતે તો ફક્ત વિચાર બે ત્રણ બાબત વિષે બોલવાનો છે અને તે નીચે પ્રમાણે;—

૧ ગર્ભવતી સ્ત્રીઓ. ૨ છોકરાંની મા.

જે દેશમાં દારૂ પીવાનો રિવાજ ધર્મ વિરૂદ્ધ ગણાતો નથી, તેમાં કેટલાંક બૈરાંઓ પણ દારૂ પીએ છે. આવા દેશમાં બૈરાંઓના દારૂ પીવાથી મરદના પીવા કરતાં ઘણી ખુવારી થવાનો સંભવ છે. ઈંગ્રેજ લોકોમાં ટેબલ પર સ્ત્રીઓ હોય, ત્યાં લગી જલદ દારૂ ત્યાં બેઠેલા મરદો પણ પીતા નથી. એ પરથી એક ધારણા થઇ શકે છે; અને તે એ છે કે એ પ્રજા એમ સમજે છે કે જો બૈરાંઓ દારૂ પીતાં થયાં, તો વધારે ખરાબી થશે. આ બાદ એક બીજું મોટું કારણ છે; અને તે એ છે કે સાધારણ રીતે ઘરકામ, સાજા માંદા નાના મોટાની માવજત, અને ઘર સંબંધી વહીવટ, વિલાયત જેવા દેશમાં ઘર કામનો તમામ સામાન ખરીદ કરવો, વગેરે કામ બૈરાં કરે છે. વળી તેઓનીજ સોબતમાં નાની કુમળી વયનાં બાળકો પોતાની બાલ્યાવસ્થાનો આનંદ રૂપ અને સુખી અને દુનિયાની જંજાળમાં ન રોકાયલો વખત ગાળે છે. આ વખત એવો છે કે તેમાં જે તેમના મનપર અસર થાય, તે જતી રેહેવાનો સંભવ નથી. ઉપર બતાવેલાં કારણોને લીધે બૈરાંઓમાં દારૂ પીવાનો રિવાજ બહુ હાનિકારક છે. બૈરાંઓની સ્થિતિ ગર્ભવતી હોય, તેવા વખતમાં દારૂ પીવો, એ પણ શરીરને હાનિકારક છે એટલુંજ નહિ, પણ તેથી ગર્ભને પણ નુકશાન થાય છે.

દારૂથી ગર્ભને નુકશાન થાયછે એટલુંજ નહિ, પણ દારૂને લીધે બૈરાંઓમાં કસુવાવડ થયેલીના ઘણા દાખલા વૈદ્યક ચોપાનિયાંમાં નોંધાયલા છે; અને તે ટેવ છોડવા પછી કેટલેક વરસે તેના તે બૈરાંઓએ સારાં બચ્ચાંઓને જન્મ આપેલા એવી તરેહના દૃષ્ટાંતો પણ નોંધાયેલાછે. આ પરથી એમ સમજવું કઠણ નથી કે બૈરાંઓને તેમજ મરદને સરખી રીતે દારૂ નુકશાન કરેછે; અને બૈરી ગર્ભવતી સ્થિતિમાં છે, વાસ્તે તેને દારૂનો ખપ છે, અથવા તો તેને નુકશાન નહિ કરે, એમ ધારવું એ ભ્રમણા છે. એમ કહેવું એ સત્યજ છે કે મરદની બાબતમાં દારૂથી એક જણને પરોક્ષ રીતે નુકશાન કરે પણ બૈરાંઓમાં તો બૈરી અને તેના પેટમાં ઊછરતા ગર્ભને. વળી

સાથે એક બીજી મોટી વાત ભૂલી જવી જોઇતી નથી. તેથી કેટલીક વખતે કસુવાવડ થાયછે. દરેક મોટી ઉમ્મરના વાંચનારને ખબર છે કે સૂવાવડ જો સારી રીતે સચવાઇ હોય, તો બૈરાંઓને શારીરિક નુકશાન થતું નથી. પણ કસુવાવડ એ બહુ સૂવાવડના જોખમ કરતાં પણ વધારે જોખમકારી છે. કારણ કે એથી કસુવાવડ વખતેજ નુકશાન થાય છે એમ નથી. પણ એ વખત કેટલાંક ગર્ભસ્થાનનાં દરદોનું તેજ ઘડાથી મૂળ નંખાય છે, જે અગાડી જતાં એ બાઇને હેરાન કરેછે. વાસ્તે જરૂર સમજવું જોઇએ કે દારૂ એ ગર્ભવતી સ્ત્રીઓને નુકશાનકારક છે; અને તેથી તે તજવા લાયક છે. આ ઉપરના લખાણને પુષ્ટિ આપવા ખાતર દા. બુલના ગ્રંથમાંથી આ નીચેનો ઉતારો દાખલ કરેલો છે.

બધી જાતનો દારૂ ગર્ભવતી સ્ત્રીને નુકશાનકારક છે. બાઇ બેજીવ વાળી હોવાને લીધે જે ફેરફાર શરીરમાં ચાલી રહ્યો છે, તેને લીધે જો અગાડીની દારૂ લેવાની ટેવ હોય, તો તે કમી કરવી જોઇએ; અને બને તો તે સમૂળગી બંધ કરવી જોઇએ. અહીંઆં મને એક સૂચના કર્યા વગર ચાલતું નથી. દાક્તરની સલાહ વગર દારૂ અથવા જાગૃતિ આપનાર દવા ઉલટી અથવા મોળ અથવા કાળજાનો ચૂંથારો વગેરે બંધ કરવા વાસ્તે લેવી નહિ. ઉપરની શીખામણ આપવાને મારી પાસે સબળ કારણો છે. હું એમ પણ માનુંછું કે જાગૃતિ આપનાર કડવી વનસ્પતિ આદિક દવાઓ પણ શરીરને નુકશાનકારી છે. દા. દીવીઝ કેહેછે કે ગર્ભધારણના પહેલા મહીનાઓમાં દારૂ આદિક જાગૃતિ આપનાર પદાર્થ લેવાનું વળણ વધારે છે. આવી દવાઓથી કેટલીક જાતની બેચેની અને પેટ વગેરેમાં થતો ફડફડાટ અને કાળજામાં થતા તોડ જરા થોડા વખતને વાસ્તે નરમ પડે છે. પણ થોડી વખત પછી પાછું તેમને તેમ થાય છે; અને તે મટાડવાને પાછી બીડી વગેરે ખાધામાં આવે છે; અને એમ કરતાં કરતાં ટેવ પડી જાય છે. ગરીબ લોકોમાં બૈરાં નિર્માલ્ય અને ટૂંક જીંદગી જીવનાર મડદાલ છોકરાંને જન્મ આપે છે, તેના કારણો બે છેઃ (૧) કમ ખોરાક, (૨) દારૂ. આ બે કારણોમાં બીજું કારણ વધારે નુકશાનકારક છે. દારૂ વારંવાર પીવાથી કસુવાવડ થવાના સંભવ છે. દા. એબરલ કહે છે, દારૂની નઠારી ટેવથી કસૂવાવડ થયેલી તેવા દાખલા મારા જોવામાં ઘણા આવ્યા છે. એક બાઇ પોતાની પહેલી સૂવાવડમાં એક તનદુરસ્ત બચ્ચાને જન્મ આપ્યા પછી દારૂની લતમાં પડી. આ પછી એને ચાર કસૂવાવડો થઇ; અને તે પછી પો-

તાની દૃઢતા તથા મિત્રોના કહેવા પરથી તે બાઇએ આ ટેવ મેલી; અને ત્યાર પછી તેને ચાર બચ્ચાં દશ વરસમાં થયાં. પણ તે ચારમાંથી આજ એકજ જીવે છે. એ ચારે બચ્ચાં મજબૂત અને નાનાં હતાં.

દારૂ એ ખોરાક નથી.

ખોરાક તરીકે જે જે વસ્તુઓ આપણા ખાધામાં આવે છે, તેના પર પાચન ક્રિયાની શરૂઆત તે કોળિયા રૂપે મોંમાં પેસે છે, તેજ ઘડીથી થાય છે; અને આમ થવાનું પરિણામ એ આવે છે કે ખોરાકનું પૃથક્કરણ થતાં તેનાં તત્ત્વો શરીરના તત્ત્વો જોડે મળી જાય છે; પણ આ પ્રકારનો બનાવ દારૂના સબંધમાં બનતો નથી. જેમ દૂધ યા સેરવો વગેરે પદાર્થો પ્રવાહી ખોરાક હોવાને લીધે જઠર (stomach) ની લોહીની નળીઓમાં આવી રહેલા લોહી જોડે મળી જઇ એક રસ થઇ જાય છે, તેમ દારૂનું થઇ શકતું નથી. એટલુંજ નહિ પણ તેનું તેથી ઉલટું પરિણામ થાયછે. દારૂ લોહીની નળીઓમાં આવી રહેલા અને ફરતા જઠર અને આંતરડાંમાંના લોહીના નાના રજકણોમાં ઘણો નુકશાનકારક ફેરફાર કરે છે. વિશેષ તેનાથી ફક્ત અહિંયાં ફરતા લોહીનેજ નુકશાન થાય છે એમ નહિ, પણ જઠર, આંતરડાં, વગેરેના બંધારણમાં આવેલા પદાર્થોમાં પણ દરદ પેદા કરેછે.

એટલે ટૂંકામાં એમ કહીએ તો ખરૂં છે કે દારૂથી લોહીમાં એવા ફેરફાર થાય છે કે જેથી એકંદરે શરીરને અને જઠર અને આંતરડાંને નુકશાન થાય છે. જો આમ છે તો દારૂ ખોરાક તરીકે કામનો નથી; કારણ કે ખોરાક પાચન કરનાર જઠર અને આંતરડાંને તે નુકશાનકરતા છે. સારા શરીરનો આધાર લોહીપર છે. તેના રજકણોમાં તે બિગાડ પેદા કરનાર છે. આ બાદ જઠર અને આંતરડાંમાં જે હજારો નાના અને જૂદી જૂદી જાતના પિંડો છે, તેમને અવ્યવસ્થિત કરે છે; એટલે તેઓ જેવો અને જેટલો જોઇએ તેટલો ખોરાક પચાવવાને શક્તિમાન્ થતાં નથી. આનું પરિણામ એ થાય છે કે ખોરાક જે અમુક મુદતમાં અમુક ઠેકાણે પચે, એવું આપણે જાણીએ છીએ, તે ખોરાક તે મુદત વીત્યા છતાં પણ પચતો નથી, અને આખરે દારૂની દુર્ગંધથી ભરપૂર એવો ઉલટી રૂપે બહાર નીકળે છે. આવી રીતની ઉલટી દારૂડિયાઓ દારૂ પીધાની રાત્રે અથવા બીજે દિવસે સવારે કરે છે. આવી રીતની થતી ઉલટી એક બીજી વાત સારી રીતે બતાવે છે; અને તે એ છે કે તે પીધેલો દારૂ પચ્યો નથી

કારણ કે પચતાં પહેલાં દારૂનું પૃથક્કરણ થવું જોઇએ; પણ દારૂ ઉલટીમાં નીકળે છે, દારૂની માફકજ ગંધાય છે; અને કદાચ એટલાથી એ દારૂ છે, એમ મનને ખાત્રી થવામાં સંદેહ રહેતો હોય, તો તેને ચેતેલી દીવાસળી લગાડો, અને તેમાં ભડકો થયો જોશો.

એ બતાવે છે કે "સ્પિરિટ લેમ્પ"માં જેમ સ્પિરિટ બળે છે, તેમ આ અહીંઆં બળે છે. આ બાદ દારૂ, મગજમાં (Brain) આવી રહેલી કેટલીક જગાઓમાંથી, દારૂ પીનારના કેફી સ્થિતિમાં મોત થવાથી, ચોખા દારૂ રૂપેજ મેળવી શક્યા છે. વાસ્તે ઉપરના લખાણનો ટૂંકામાં સાર એજ છે કે તેનું શરીરમાં પૃથક્કરણ થતું નથી; અને તેથી કરીને તે શરીરના બંધારણમાં પેશી શકતો નથી. વળી તે પિંડોને તથા લોહીને અવ્યવસ્થિત કરી નાખે છે, અને તેથી પાચનશક્તિને મંદ કરે છે. અને દારૂનો છંદ જો વધારે દિવસ ચાલે, તો જઠર અને આંતરડાંના રોગ ઉત્પન્ન કરે છે. આ પરથી જણાય છે કે શરીરને પોષવાના બદલામાં તે તેની હાનિ કરે છે, ખોરાક પોષે છે.

આ બાદ ખોરાકનો બીજો ઉપયોગ એ છે કે પોતામાં આવી રહેલા શરીરને જોઇતો ગરમાવો પૂરો પાડવો. પણ દારૂની અસર લોહી બતાવ્યા પ્રમાણે નુકશાનકારક છે. બધાના જાણવામાં છે કે શરીરનો કેટલોક ભાગ, આખા શરીરના બહારના ભાગપર જે ચામડી આવેલી છે, તેમાં આવી રહેલી લોહીની નળીઓમાં છે. આ નળીઓ દારૂ પીધેલો હોયછે, ત્યારે પહોળી થાયછે, એટલે તેમાં લોહી વધારે આથી ઉલટું જે કાંઇ ગરમાવો શરીરમાં હોય તે કમી થવાનો વાસ્તે દારૂથી ગરમાવો પેદા થઇ શરીરને ટેકો મળવાને બદલે માંથી ગરમાવો બહુ જાયછે; અને આમ થવાથી મોતના પંઝામાં આવેલા મુસાફરોના દાખલા બહુ નોંધાયલા છે; અને આપણા જેવા શહેરમાં પણ લખનારના જોવામાં છે.

ચાબખો.

દારૂ દુઃખ દેનારો, યારો, દારૂ દુખ દેનારો. ટેક.
વણુ સમજે કોઇ રખે ઠગાતા, કરગરી કહું દીલદારો;
હેંદુજન અડકે જો એને, ભ્રષ્ટ થાય જન્મારો.
યારો, દારૂ દુખ દેનારો. ૧

અજાણ્યું કોઈ ઓડ મૂકે, એકે નહિ પછી આરો;
દેહ તજ્યા વિણ અવર ઉપાયે, થાય નહી સુધારો,
યારો, દારૂ દુખ દેનારો. ૨

મદમાતો, જે મદ્ય પીએ આ, તેને મુખે અંગારો;
જાત ભાતનું ભાન ટળ્યું, પછી અન્તજ સારો.
યારો. દારૂ દુખ દેનારો. ૩

ભાભી, ભાણેજી, ભત્રીજી, કે પછી ભગિની ભાળો;
દારા દીકરી સરખાંના પણ, ટળે વિવેક વિચારો.
યારો. દારૂ દુખ દેનારો. ૪

ભરી બજારે ભોંય પડે તે, નિશા તણા કરનારો;
આબાપોનું માન ઘટાડે, વણ મોતે મરનારો.
યારો, દારૂ દુખ દેનારો. ૫

પૈસો એકે રહે નહિ પાસે, પછી ફેર ફટકારો;
ચોરી, જૂઠ, અને જુગઠાનો, રાત દીન રમનારો.
યારો, દારૂ દુખ દેનારો. ૬

દારૂની હાજત લાગી તો, નહી પછે હઠનારો;
પૈસા માટે પલક એકમાં, પ્રાણ તણો લેનારો.
યારો, દારૂ દુખ દેનારો ૭

નાત જાત કે સગાં સબંધી, તેનો પંથ નિરાળો;
પરણેલા પૂરણ પસ્તાશે, રોજ ભાંડશે ગાળો.
યારો, દારૂ દુખ દેનારો.

છાંટા પાણી પીએ છાકટા, એને શો ઊગારો?
તળિયા ઝાટક કરે તીજોરી, એમાં નહિ ઊધારો.
યારો, દારૂ દુખ દેનારો,

દરબારે દરરોજ દોરશે, લેણાનો લેનારો;
ખોટાં ખત સાબીત કરાવી, કુટુંબને નડનારો.
યારો, દારૂ દુખ દેનારો. ૧૦

વહાલાં જન વિશ્વાસ કરે નહિ, પાડોશિને ન પ્યારો;
દારૂબાજે આ દુનિયામાં, ખાલી શો સુંવારો?
યારો, દારૂ દુખ દેનારો. ૧૧

નાગેશ્વર જેઠારામ પુરાણી.